# કાર્ડિફ એન્ડ ધ વેલ માનસિક આરોગ્ય વિકાસ પરિયોજના [Cardiff & The Vale Mental Health Development Project]

**ગ્લેમોર્ગનનાં કાર્ડિફ એન્ડ ધ વેલ [Cardiff and the Vale of Glamorgan]** માં માનસિક આરોગ્યની સેવાઓ કાર્ડિફ એન્ડ ધ વેલ માનસિક આરોગ્ય વિકાસ પરિયોજનાની વેબસાઈટ જોવા બદલ આપનો આભાર. આ વેબસાઈટ પરિયોજનાનાં કામ સંબંધમાં માહિતી પુરી પાડે છે અને ગ્લેમોર્ગનની કાર્ડિફ અને ધ વેલમાં પ્રાપ્ય માનસિક આરોગ્ય સેવાઓની ડિરેક્ટરી [Directory of Mental Health Services in Cardiff and the Vale of Glamorgan] ઓનલાઈન પ્રસ્તુત કરે છે.

આ ડિરેક્ટરી માનસિક આરોગ્યની જરૂરિયાતવાળા લોકો માટે પ્રાપ્ય સેવાઓ સંબંધી માહિતી પુરી પાડે છે. આ ડિરેક્ટરી બાળકો અને યુવકો, પ્રૌઢો અને વૃદ્ધો માટેની સેવાઓને આવરી લે છે.

## એમાં સમાવેશ થાય છે

- કાનૂની બાબતો – દા. ત. માનસિક આરોગ્ય અધિનિયમ [Mental Health Act] અને દેખરેખ સેવા [Carers Acts] અંગેનાં અધિનિયમો
- વૈધાનિક ક્ષેત્ર દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓ, દા. ત. સ્થાનિક રાષ્ટ્રીય આરોગ્ય સેવા (NHS) ટ્રસ્ટો, સ્થાનિક સત્તાતંત્રો અને પોલીસ.
- સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ
- મદદ મેળવવા માટેનાં ટેલિફોન હેલ્પલાઇનની યાદી.

કમનસીબે આ ડિરેક્ટરીનું અન્ય ભાષાઓમાં ભાષાંતર કરવાની સગવડ અમારી પાસે નથી.

## આ સેવાઓ કેવી રીતે મેળવવી

તમારે પહેલી વાર સહાયતા મેળવવાની જરૂર પડી હોય, તો શરૂઆતમાં સામાન્ય રીતે તમારા જીપી અર્થાત્ નિયમિત ડોક્ટરનો સંપર્ક સાધવો. તમારા નિયમિત ડોક્ટર કેટલી મદદની જરૂર છે તે નક્કી કરશે અને આપના વિસ્તારની સામૂહિક માનસિક આરોગ્ય ટુકડી [Community Mental Health Team] પાસે મોકલશે.
તમારા નિયમિત ડોક્ટરને એમ લાગે કે મદદની તાત્કાલિક જરૂર છે (જ્યારે તે વ્યક્તિ પોતાને અથવા બીજી વ્યક્તિઓને જોખમરૂપ બને તેવું હોવાનું જણાય, તો ઝડપી મૂલ્યાંકન માટે એક કાર્યપદ્ધતિ છે.

## ભાષાકીય જરૂરીયાતો

જ્યાં આવશ્યકતા હોય ત્યાં દુભાષિયા સેવાની નીચેની વૈધાનિક સંસ્થાઓ મેળવી શકે છે:

- ાર્ડિફ એન્ડ વેલ રાષ્ટ્રીય આરોગ્ય સેવા ટ્રસ્ટ [Cardiff and Vale NHS Trust] (જે કાર્ડિફ અને ગ્લેમોર્ગનનાં પૂર્વ વેલ [Eastern Vale of Glamorgan] માં માનસિક આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે) : દુભાષિયાની સેવાઓ રૂબરૂ અથવા લેંગ્વેજ લાઈન દ્વારા પૂરી પાડવામાં આવતી ભાષા સંબંધી સહાયતા.
- વેલ ઑફ ગ્લેમોર્ગન કાઉન્સિલ
- કાર્ડિફ કાઉન્સિલ
- Bro Morgannwyg NHS ટ્રસ્ટ (જે ગ્લેમોર્ગનનાં પશ્ચિમ વેલ [Western Vale of Glamorgan] ને આવરી લે છે)

કાર્ડિફ એન્ડ વેલ માનસિક આરોગ્ય વિકાસ પરિયોજનાને ફિડબેક
કમનસીબે કાર્ડિફ એન્ડ વેલ માનસિક આરોગ્ય વિકાસ પરિયોજના પાસે બીજી ભાષાઓ બોલી શકે એવો સ્ટાફ નથી પરંતુ, એમાં સુધારો કરવાનું ચાલુ રાખવા માટે આ વેબસાઈટ અને ડિરેક્ટરી બાબતમાં કોઈ પણ ફિડબેકને આવકારીશું.

## આભાર

**www.cvmhdp.org.uk**
**Tel 029 2022 2000 Fax 029 2023 8258**